અપીલ અરજી નં.૧૯૫ તા.૨૩–૯–૦૮

અરજદારઃ શ્રીમતી અંજનાબેન ક્રિસ્ટી
સામાવાળાઃ(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
(૨) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(હાઈડ્રોલીક)

## હુકમઃ–

**વિષય** :–આર ટીઆઈ એકટ હેઠળ શ્રીમતી અંજનાબેન ક્રિસ્ટીની તા. ૪–૯–૦૮ અરજી થી ન્યુ સીટી લાઈટ રોડ પર સેંટ થોમસ સ્કુલથી ભરથાણા માર્ગ મરામત કરવા પાછળ થયેલ ખર્ચ તથા આશીર્વાદ વિલા સોસાયટીના રહીશો ને પીવાના પાણીની સુવિધા કેટલા સમયમાં મળશે ? વિગેરે બાબતે માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૩–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૯૫/૨૦૦૮–૦૯

શ્રીમતી અંજનાબેન ક્રિસ્ટીની તા. ૪–૯–૦૮ અરજી થી ન્યુ સીટી લાઈટ રોડ પર સેંટ થોમસ સ્કુલથી ભરથાણા માર્ગ મરામત કરવા પાછળ થયેલ ખર્ચ તથા આશીર્વાદ વિલા સોસાયટીના રહીશો ને પીવાના પાણીની સુવિધા કેટલા સમયમાં મળશે ? વિગેરે બાબતે માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના તા.૯–૮–૦૮ના પત્ર તથા એડી.સીટીઈજનેરઅને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીકના પત્રનં.એચઈડી/આ./૧૮૮૫ તા.૧૨–૯–૦૮થી આપેલ માહિતી અપૂરતી અને અનિર્ણાયક હોવાનું જણાવી મળેલ પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૩ તા.૧૦–૧૦–૦૮ થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(હાઈડ્રોલીક)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.એચઈડી/આ.નં.૫૪૮ તા.૨૨–૧ ૦–૦૮ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ. જયારે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજદારને પત્ર પાઠવી માહિતી પૂરી પડાયેલ છે.

જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગવામાં આવેલી માહિતી પૂરી પાડવામાં આવેલ છે પરંતુ અરજદારની રજૂઆત કેટલી સમય મર્યાદામાં સુવિધા મળશે તેવી રહેલી છે. અરજદાર મુળ અરજીથી અપીલ અરજીમાં કરેલ અન્ય પ્રશ્નોની રજૂઆત કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૪–૯–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. ઉપરોકત જણાવ્યા અનુસાર નહીં પૂરી પડાયેલ કામગીરીના સમયમર્યાદા અંગેની માહિતી જે સામાન્ય રીતે સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી હેઠળ કલમ–૪ ના ૧૧ મા મેન્યુઅલ હેઠળ પણ સમાવિષ્ટ પૈકીની જણાતી હોઈ માંગેલ માહિતી પૈકી આખરી નિર્ણય થયેલ આયોજન બાબતે હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસાર દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડીશનલ સીટી ઈજનેર તથા જાહેર માહિતી અધિકારી તથા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને જણાવવામાં આવે છે. અરજદાર અપીલના અન્ય પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી,તથા એડીશનલ સીટી ઈજનેર (હાઈડ્રોલીક) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી અંજના ક્રિસ્ટી